હોળીમાં ખજૂર અને ધાણીનું મહત્ત્વ

હોળી ભારતનો એક પ્રાચીન અને આનંદમય તહેવાર છે. આ તહેવાર ફાગણ મહિનામાં ઉજવવામાં આવે છે અને તે વસંતઋતુના આગમનનો સંદેશ આપે છે. હોળી માત્ર રંગોનો તહેવાર નથી, પરંતુ પ્રેમ, એકતા અને ભાઈચારાનું પ્રતીક પણ છે. આ દિવસે વિવિધ મીઠાઈઓ અને સૂકા મેવા વહેંચવાની પરંપરા છે. તેમાં ખજૂરનું વિશેષ મહત્ત્વ છે.

ખજૂર સ્વાભાવિક રીતે મીઠું અને પૌષ્ટિક ફળ છે. હોળીના દિવસે ખજૂર ખાવું અને અન્ય લોકોને આપવું મીઠાશ અને સ્નેહનું પ્રતીક માનવામાં આવે છે. જેમ ખજૂર મીઠું હોય છે, તેમ આપણું જીવન અને સંબંધો પણ મીઠાં રહે –એવો સંદેશ આ પરંપરા આપે છે. કેટલાક વિસ્તારોમાં હોળિકા દહન સમયે ખજૂર, ધાણી અને અનાજ અગ્નિમાં અર્પણ કરવામાં આવે છે. તે સમૃદ્ધિ અને શુભતાનું પ્રતીક છે. નવા પાકના આગમન સાથે લોકો ભગવાનનો આભાર વ્યક્ત કરે છે અને સુખ-સમૃદ્ધિ માટે પ્રાર્થના કરે છે.ખજૂર આરોગ્ય માટે પણ લાભદાયક છે. તેમાં લોહતત્ત્વ, ફાઈબર અને પ્રાકૃતિક ખાંડ હોય છે, જે શરીરને ઊર્જા આપે છે. હોળીના ઉત્સવ દરમિયાન શરીરને તંદુરસ્ત રાખવામાં ખજૂર મદદરૂપ થાય છે.આ રીતે, હોળીમાં ખજૂર માત્ર એક સૂકો મેવો નથી, પરંતુ તે મીઠાશ, આરોગ્ય, શુભતા અને સ્નેહનું પ્રતીક છે.

હોળીમાં ખજૂરનું મહત્ત્વ:

હોળી આનંદ, પ્રેમ અને એકતાનો તહેવાર છે. આ દિવસે વિવિધ મીઠાઈઓ અને સૂકા મેવા વહેંચવામાં આવે છે. તેમાં ખજૂરનું પણ વિશેષ મહત્ત્વ છે.

૧. મીઠાશ અને સ્નેહનું પ્રતીક

ખજૂર સ્વાભાવિક રીતે મીઠું હોય છે. હોળીના દિવસે ખજૂર ખાવા અને વહેંચવાથી સંબંધોમાં મીઠાશ અને પ્રેમ વધે છે એવો સંદેશ આપવામાં આવે છે.

૨. હોળિકાદહન પ્રસંગે

કેટલાક વિસ્તારોમાં હોળિકાદહન સમયે ખજૂર, ધાણી અને અન્ય અનાજ અગ્નિમાં અર્પણ કરવામાં આવે છે. તે સમૃદ્ધિ અને શુભતાનું પ્રતીક માનવામાં આવે છે.

3. આરોગ્યદાયક પ્રસાદ

હોળી દરમિયાન ભારે મીઠાઈઓ સાથે ખજૂર ખાવું આરોગ્ય માટે પણ ફાયદાકારક છે. ખજૂર શરીરને તાત્કાલિક ઊર્જા આપે છે અને પાચનક્રિયા સુધારે છે.

૪. વહેંચણીની પરંપરા

હોળી પછી લોકો એકબીજાને મીઠાઈ અને સૂકા મેવા સાથે ખજૂર પણ આપે છે, જે ભાઈચારા અને સ્નેહનું પ્રતીક છે.

સાર:

હોળીમાં ખજૂર માત્ર એક સૂકો મેવો નથી, પરંતુ તે મીઠાશ, આરોગ્ય અને શુભતાનું સુંદર પ્રતીક છે.

ઉપસંહાર:

હોળી આપણને પ્રેમ અને એકતાનો સંદેશ આપે છે. ખજૂર જેવી મીઠાશ આપણા જીવનમાં હંમેશા બની રહે એ જ આ તહેવારની સાચી ભાવના છે.

*** હોળીમાં ધાણીનું મહત્ત્વ●**

હોળી ભારતનો એક આનંદમય અને રંગબેરંગી તહેવાર છે. આ તહેવાર ફાગણ મહિનામાં ઉજવવામાં આવે છે અને તે વસંતઋતુના આગમનનું પ્રતીક છે. હોળીનો તહેવાર માત્ર રંગોથી જ નહીં, પરંતુ પરંપરા અને ધાર્મિક માન્યતાઓથી પણ જોડાયેલો છે. હોળી દરમિયાન ધાણીનું વિશેષ મહત્ત્વ છે.

હોળીના પહેલા દિવસે હોળિકાદહન કરવામાં આવે છે. આ પ્રસંગે લોકો અગ્નિમાં ધાણી અર્પણ કરે છે. ધાણી અર્પણ કરવાનો અર્થ એ છે કે આપણે પોતાના દુર્ગુણો, અહંકાર અને નકારાત્મક વિચારોને અગ્નિને સમર્પિત કરી દઈએ અને જીવનમાં સકારાત્મકતા લાવીએ. આ પ્રથા પ્રાચીન સમયથી ચાલી આવી છે.

હોળીનો તહેવાર નવા પાક સાથે પણ જોડાયેલો છે. ફાગણ મહિનામાં ખેતરમાં નવા અનાજ તૈયાર થાય છે. ધાણી નવા અનાજનું પ્રતીક માનવામાં આવે છે. ખેડૂત લોકો આ દિવસે ભગવાનનો આભાર માને છે.

હોળીમાં ધાણીનું મહત્ત્વ:

હોળીનો પાવન તહેવાર આનંદ, ઉત્સાહ અને ભાઈચારાનો પ્રતીક છે. આ તહેવારમાં ધાણી (ફૂલી ગયેલા જ્વાર/મકાઈના દાણા) નું વિશેષ ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્ત્વ છે.

૧. હોળિકાદહન સાથે સંબંધ

હોળી પહેલા દિવસે કરવામાં આવતા હોળિકાદહન દરમિયાન ધાણી અગ્નિમાં અર્પણ કરવામાં આવે છે.તેનો અર્થ એ છે કે આપણે પોતાના અહંકાર, દુર્ગુણો અને નકારાત્મકતા અગ્નિને સમર્પિત કરીએ છીએ.

૨. નવી પાકની કૃતજ્ઞતા

હોળી ફાગણ મહિનામાં આવે છે, જે સમય નવા પાકનો હોય છે. ધાણી નવા અનાજનું પ્રતીક છે.

તે દ્વારા ખેડૂત અને સમાજ ભગવાનનો આભાર વ્યક્ત કરે છે.

3. શુભતા અને સમૃદ્ધિનું પ્રતીક

ધાણી સફેદ અને ફૂલી ગયેલી હોય છે, જે શુદ્ધતા અને સમૃદ્ધિનું પ્રતીક માનવામાં આવે છે.

ઘરે ધાણી લાવવી અને વહેંચવી શુભ માનવામાં આવે છે.

૪. પ્રેમ અને એકતાનો સંદેશ

હોળી બાદ લોકો એકબીજાને ધાણી વહેંચે છે, જે પ્રેમ, સ્નેહ અને એકતાનું પ્રતીક છે.

સાર:

હોળીમાં ધાણી માત્ર એક ખાદ્ય પદાર્થ નથી, પરંતુ તે આસ્થા, આભાર, સમૃદ્ધિ અને સામાજિક એકતાનું સુંદર પ્રતીક છે.

હોળીના અગ્નિમાં કઈ વસ્તુઓ અર્પણ કરવી જોઈએ

જ્યોતિષ શાસ્ત્ર અનુસાર આ દિવસ જીવનની નકારાત્મક ઊર્જા, ગ્રહ દોષ અને નડતરો દૂર કરવાનો વિશેષ અવસર આપે છે.જો મહેનત કરવા છતાં સફળતા મળતી ના હોય, લગ્ન થવામાં વિલંબ થવો અથવા આર્થિક પરેશાનીઓ પીછો છોડતી ના હોય તો હોળીના દિવસે કરવામાં આવેલા ઉપાયો લાભકારક સાબિત થઈ શકે છે. ગ્રહદોષ અને લગ્ન-નોકરીનાં વિઘ્નો દૂર કરવા માટે હોળીના અગ્નિના ઉપાયો જાણોઃ

હોળીની 11 વાર પરિક્રમા કરો

હોળીના દિવસે સૌથી પહેલાં શ્રદ્ધા સાથે પૂજા કરવી. ત્યાર બાદ અગ્નિની ચારે તરફ 11 વાર પરિક્રમા કરવી. પરિક્રમા કરતા સમયે હોળી માતાને પોતાની સમસ્યાઓના સમાધાનની પ્રાર્થના કરવી. માન્યતા છે કે, 11 પરિક્રમા કરવાથી ગ્રહ દોષ શાંત થાય છે અને જીવનની પરેશાનીઓ ધીમે ધીમે ઓછી થવા લાગે છે.

હોળીના અગ્નિમાં વિશેષ સામગ્રી અર્પણ કરો.

પરિક્રમા બાદ હોળીના અગ્નિમાં કેટલીક ખાસ વસ્તુઓ અર્પણ કરવી જોઈએ. તેમાં કાળા તલ, હળદર, લવિંગ, પીળાં સરસવ અને ખીર-પુરીનો સમાવેશ થાય છે.

કાળા તલ: નકારાત્મક ઊર્જાને દૂર કરવામાં મદદરૂપ થાય છે.

હળદર અને પીળા સરસવ -સમૃદ્ધિ અને શુભતાનું પ્રતીક છે.

લવિંગ વાતાવરણને શુદ્ધ કરે છે.

ખીર-પૂરીને સુખ અને સંતોષનું પ્રતીક માનવામાં આવે છે.

આર્થિક અને લગ્ન માટેનું નડતર દૂર કરવા માન્યતા છે કે, આ વસ્તુઓને અગ્નિમાં સમર્પિત કરવાથી કર્જમાંથી મુક્તિનો યોગ બને છે. લાંબા સમયથી ચાલતી આર્થિક સમસ્યાઓમાં રાહત મળે છે, સાથે જ શારીરિક કષ્ટોમાં ઘટાડો થાય છે અને આરોગ્ય ખૂબ જ સારું રહે છે.

જો લગ્ન-વિવાહમાં સંબંધ કરવામાં અડચણો આવતી હોય કે નોકરીમાં વિલંબ થતો હોય તો આ ઉપાય તે નડતરોને દૂર કરવામાં મદદરૂપ માનવામાં આવે છે. શ્રદ્ધા અને વિશ્વાસની સાથે કરેલા ઉપાયો જીવનમાં સકારાત્મક બદલાવ લાવે છે.

હોળીના અગ્નિમાં કઇ વસ્તુઓ ચઢાવવી જોઈએ?

હોળીના અગ્નિમાં કપૂર, ઇલાયચી અર્પણ કરવાથી લાંબી બીમારીઓમાંથી મુક્તિ મળે છે.

લગ્નજીવનમાં ખુશીઓ લાવવા માટે હોળીના અગ્નિની પરિક્રમા કરીને હવન સામગ્રી અર્પણ કરવી લાભદાયક છે. આર્થિક મુશ્કેલીઓમાંથી રાહત-છુટકારો મેળવવા માટે સૂકા નાળિયેરમાં ખાંડ અથવા દળેલી ખાંડ તેમજ ચોખા ભરીને હોળીના અગ્નિમાં અર્પણ કરવાથી દેવી લક્ષ્મીજીની કૃપા પ્રાપ્ત થાય છે.

હોળીના અગ્નિને ઘણું જ મહત્ત્વનું માનવામાં આવે છે. તેની જવાળામાં દરેક પ્રકારની ઊર્જા નષ્ટ થઇ જાય છે. એટલું જ નહીં, હોળીમાંથી નીકળતા અગ્નિમાં જો કેટલીક વિશેષ ચીજોને અર્પણ કરવામાં આવે તો તેનાથી જાતકને વિભિન્ન શુભ પરિણામ પ્રાપ્ત થાય છે.

જો તમારાં લગ્ન થવામાં કોઇ અવરોધ કે લગ્નજીવનમાં કોઇ પરેશાની આવતી હોય તો હોળીના અગ્નિની પરિક્રમા કરવી. જો તમે શ્રદ્ધા ભાવનાની સાથે આ ઉપાય કરશો તો અવશ્ય તમારા લગ્નના યોગ બનશે તેમજ લગ્નજીવનમાં આનંદના વાતાવરણનું આગમન થશે.

આનંદિત જીવન માટે ઉપાય

હોળીના સમયે ઘઉંનો પાક આવવા લાગે છે. તેને અન્ન સ્વરૂપ હોળીના અગ્નિમાં અર્પણ કરવામાં આવે છે. જો તમે પણ ઘઉંને હોળીમાં અર્પણ કરશો તો તમારું જીવન આનંદમય જશે.

જ્યોતિષ શાસ્ત્ર અનુસાર કેટલાંક લોકો માટે પ્રગટેલી હોળીને જોવાનું પણ વર્જિત મનાઈ જણાવ્યું છે આવો. જાણીએ કયા લોકોને હોળીથી દૂર રહેવું જોઈએ.

નવી પરણેલી સ્ત્રીઓ

ધાર્મિક માન્યતાઓ અનુસાર જે સ્ત્રીઓના લગ્ન પછી જો પહેલી હોળી હોય, તો તેને પ્રગટેલી-સળગતી હોળી જોવાની મનાઈ હોય છે. એવી માન્યતા છે કે નવપરિણીતા દ્વારા તેને જવાથી તેના જીવનમાં કલેશ અને દુર્ભાગ્યનું કારણ બની શકે છે. કેટલાંક ક્ષેત્રો વિસ્તારોમાં તો હોળીનો અગ્નિ-સાસુ અને વહુએ પણ



સાથે સળગતી હોળીની અગ્નિ જોવી જોઈએ નહીં.

ગર્ભવતી મહિલાઓ

ગર્ભવતી સ્ત્રીઓએ હોળીની અગ્નિથી દૂર રહેવું જોઇએ. તેની પાછળ ધાર્મક અને વૈજ્ઞાનિક બંને કારણ છેઃ શાસ્ત્રો અનુસાર હોળીના સમયે નકારાત્મક શક્તિઓ વધારે સક્રિય થાય છે, જે ગર્ભમાં ઉછેરી રહેલા બાળક પર ખરાબ પ્રભાવ પડે છે. વૈજ્ઞાનિક દૃષ્ટિથી હોળીની ભારે ગરમી અને તેમાંથી નીકળતા ધુમાડાથી બાળકના આરોગ્ય માટે નુકસાન દાયક થઇ શકે છે.

નવજાત શિશુ

નાનાં બાળકોને હોળીના સ્થળ પર લઇ જવાનું વર્જિત માનવામાં આવે છે. જે સ્થાન પર હોળી પ્રગટે છે ત્યાં નકારાત્મક ઊર્જાનો પ્રવાહ ઘણો વધારે હોય છે. નાનાં બાળકોને તે ઊર્જાની અસર ના થાય એટલા માટે તેને હોળીમાં સામેલ થવાથી બચવું જોઈએ.

હોળીના બીજા દિવસે સવારે તેની રાખને ઘરે લાવીને માથા પર લગાડવી જોઈએ. ત્યાર બાદ ઘરના ચારેય ખૂણામાં છાંટવી ઘણી જ શુભ માનવામાં આવે છ. તેનાથી વાસ્તુદોષ દૂર થાય છે.

હોળીની 11 પરિક્રમા કેમ?

શ્રદ્ધા અને વિશ્વાસ સાથે હોળીની પૂજા કરવી અને હોળીની અગ્નિની ચારે તરફ 11 વાર પરિક્રમા કરવી. પરિક્રમા કરતા સમયેમ નમાં પોતાની સમસ્યાનું સમાધાન માટેની પ્રાર્થના કરવી. 11 પરિક્રમા કરવાથી ગ્રહ દોષ શાંત થાય છે અને જીવનમાં વિઘ્નો ધીમે ધીમે દૂર થઇ જાય છે.

યંત્ર-મંત્ર-તંત્ર
યજ્ઞેશ ત્રિવેદી

હોળીની અગ્નિની 3,5, કે 7 વાર પરિક્રમા કરતાં કરતાં નવો પાક એટલે કે ઘઉં જવ, ચણા વગેરે અર્પણ કરવાથી આખું વર્ષ ધન અને ધાન્યમાં કમી રહેશે નહીં.

આ ઉપરાંત નાળિયેર, છાણના ટુકડા, ગુલાલ, ચોખા, જવ, કંકુ, મીઠાઈ, ફૂલ, હળદર કે હળદરની ગાંઠ, કપૂર અને પૂરણપોળી અર્પણ કરી શકાય છે.

હોળીનું પર્વ ફક્ત રંગોનો ઉત્સવ નહીં, પરંતુ આધ્યાત્મિક અને તાંત્રિક દૃષ્ટિથી ઘણું મહત્ત્વ માનવામાં આવે છે. જ્યોતિષ શાસ્ત્ર અનુસાર હોળીની રાત વર્ષની સૌથી શક્તિશાળી રાતોમાંથી એક હોય છે. આ વર્ષ હોળીનું આ પાવન પર્વ 03 માર્ચ 2026ના રોજઊજવવામાં આવ છે. તમે લાંબા સમયથી આર્થિક તંગી, દેવું કે વેપારમાં નુકસાનથી પરેશાન હો, તો હોળીના અગ્નિના અને વિશેષ ઉપાયો દ્વારા મા લક્ષ્મીજીની કૃપા પ્રાપ્ત કરી શકો છો.

સૂકા નાળિયેરનો અચૂક પ્રયોગ (શનિ-રાહુ દોષમાંથી મુક્તિ)

હોળીના અગ્નિની શુભતાનું પ્રતીક છે. ધન લાભ અને ગ્રહોની શાંતિ માટે આ ઉપાય સૌથી ઉત્તમ માનવામાં આવે છે.

વિધિ-એક સૂકા નાળિયેરની વચ્ચે છેદ (કાણું) પાડીને તેમાં પીળાં સરસવાના દાણા, કાળા તલ અને કપૂર ભરવું.

અનુષ્ઠાન-હોળીના અગ્નિની 7 વાર પરિક્રમા કરતાં કરતાં પોતાની મનોકામના કહેવી અને અંતમાં નાળિયેરને અગ્નિમાં સમર્પિત કરી દો.

લાભ- માન્યતા છે કે, તેનાથી શનિ અને રાહુના દોષ દૂર થાય છે અને આવકના નવા સ્રોત ખૂલે છે.

હોળીની રાખ અને ચાંદીનો સિક્કો (બરકત માટે)

હોળીની ભસ્મમાં નકારાત્મક ઊર્જાને નષ્ટ કરવાની અને સકારાત્મકતાને સંચિત(ભેગી કરવાની અદ્દભુત શક્તિ હોય છે.

વિધિ-હોળીના બીજા દિવસે, ઠંડી થઇ ચૂકેલી રાખને ઘરમાં લાવવી. તેને એક લાલ રેશમી કપડામાં અને સાથે એક ચાંદીનો સિક્કો મૂકીને બાંધવું. સ્થાન-આ પોટલીને તમારી તિજોરી, કબાટ કે દુકાનના ગલ્લામાં સ્થાપિત કરો.

લાભ- આ ઉપાય ખોટા ખરચાને રોકે છે અને ઘરમાં કાયમી, સ્થિર લક્ષ્મીજીનો વાસ સુનિશ્ચિત કરે છે.

કાળી હળદરનો સિદ્ધ પ્રયોગ (અટકેલાં ફસાયેલાં રોકાયેલાં નાણાં પાછાં મેળવવાં)

વેપારિક નડતરો દૂર કરવા અને રોકાયેલા અટકેલા રૂપિયા પાછાં મેળવવા માટે કાળી હળદરનો ઉપયોગ રામબાણ માનવામાં આવે છે.

વિધિ- હોળીની મધ્ય રાત્રિએ કાળી હળદરની ગાંઠને ગંગાજળથી શુદ્ધ કરીને સિંદૂરનું તિલક કરવું.

મંત્ર જપ- મહાલક્ષ્મીનો બીજ મંત્ર ઊઁ શ્રીં હ્રીં શ્રીં કમલે કમલાલયે પ્રસીદ પ્રસીદ શ્રીં હ્રીં શ્રીં ઊઁ મહાલક્ષ્મ્યૈ નમઃ'નો 108 વાર જપ કરવો.

લાભ- સિદ્ધ થઇ ગયેલી આ હળદરને તમારાં કાર્યસ્થળ કે તિજોરીમાં રાખવાથી ધંધામાં ઉન્નતિ થાય છે અને રોકાયેલાં કે અટકેલાં નાણાં પાછાં મળે છે.

વૈદિક પંચાંગ અનુસાર હોળીની રાત કરવામાં આવેલા આ સાત્ત્વિક ઉપાય શ્રદ્ધા અને વિશ્વાસ સાથે કરવાથી શીઘ્ર ફળ મળે ચે. દિવાળીની જેમ જ આ રાત તંત્ર-મંત્ર અને સાધના માટે સિદ્ધિદાયક માનવામાં આવે છે.

નોંધ કોઇ પણ ઉપાય કરતા સમયે સ્વચ્છતા અને એકાગ્રતાનું વિશેષ ધ્યાન રાખવું. આ લેખ ધાર્મિક માન્યતાઓ પર આધારિત છે.

હોળી પ્રગટાવવાનું શુભ મુહૂર્ત

ફાગણ મહિનાની પૂનમ તિથિની શરૂઆત 02 માર્ચ 2026ની સાંજે 5:55 મિનિટથી થશે. જેનું સમાપન 3 માર્ચ 2026ની સાંજે 05:07 મિનિટે થશે. હોળી પ્રગટાવવાનું શુભ મુહૂર્ત 3 માર્ચે સાંજે 06:22 મિનિટ માંડીને રાત્રે 8:50 મિનિટ સુધી રહેશે. આ મુહૂર્તમાં વિધિ-વિધાનથી પૂજા અને અગ્નિ પ્રજ્જવલિત કરવાથી વિશેષ ફળની પ્રાપ્તિ થાય છે.

હોળીમાં હારડાનું માહાત્મ્ય

હોળી ભારતનો પ્રાચીન અને લોકપ્રિય તહેવાર છે. આ તહેવાર આનંદ, ઉત્સાહ અને ભાઈચારાનો સંદેશ આપે છે. હોળી બે દિવસ ઉજવાય છે - પહેલો દિવસ હોળિકાદહન અને બીજો દિવસ રંગોની હોળી. હોળીના પવિત્ર પ્રસંગે અનેક પરંપરાગત વસ્તુઓનું મહત્ત્વ છે, જેમાં હારડા (હરડ)નું સ્થાન વિશેષ છે.

હોળિકાદહન વખતે લોકો નાળિયેર, ધાણી, ખજૂર, પતાસાં અને હારડા અગ્નિમાં અર્પણ કરે છે. માન્યતા છે કે અગ્નિમાં હારડા અર્પણ કરવાથી દુષ્ટતા અને નકારાત્મક શક્તિઓનો નાશ થાય છે અને ઘરમાં સુખ-શાંતિ આવે છે. હારડા આરોગ્ય અને રક્ષણનું પ્રતીક માનવામાં આવે છે.

જડીબુટ્ટી
નજુમી

આયુર્વેદ મુજબ હારડા ઔષધીય ગુણોથી ભરપૂર છે. તે પાચનશક્તિ વધારે છે, શરીરને શુદ્ધ રાખે છે અને રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરે છે. હોળી ઋતુ પરિવર્તનના સમયગાળામાં આવે છે, તેથી હારડાનું સેવન આરોગ્ય માટે લાભદાયક ગણાય છે.

હારડાનો સ્વાદ થોડો કડવો હોય છે, પરંતુ તે આરોગ્ય માટે હિતાવહ છે. તે આપણને શીખવે છે કે જીવનમાં કઠિન પરિસ્થિતિઓ પણ અંતે આપણા કલ્યાણ માટે જ હોય છે.

આ રીતે, હોળીમાં હારડાનું માહાત્મ્ય ધાર્મિક, આરોગ્યપ્રદ અને પ્રતીકાત્મક રીતે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. હોળીનો તહેવાર આપણને આનંદ સાથે આરોગ્ય અને સકારાત્મકતાનો સંદેશ પણ આપે છે.

હોળીમાં હારડાનું માહાત્મ્ય

હોળી તહેવાર માત્ર રંગોનો જ નહીં, પરંતુ પરંપરા અને ઔષધીય મહત્ત્વ ધરાવતો તહેવાર છે. હોળીના પ્રસંગે હારડા(હરડ)નું પણ વિશેષ મહત્ત્વ માનવામાં આવે છે.

૧. ધાર્મિક મહત્ત્વ

હોળિકા દહન સમયે લોકો નાળિયેર, ધાણી, ખજૂર, પતાસાં સાથે હારડા પણ અગ્નિમાં અર્પણ કરે છે. માન્યતા છે કે હારડા અર્પણ કરવાથી દુઃખ-દર્દ અને નકારાત્મકતા દહન થાય છે અને જીવનમાં સુખ-સમૃદ્ધિ આવે છે.

૨. ઔષધીય ગુણો

હારડા આયુર્વેદમાં ખૂબ જ મહત્ત્વનું ઔષધિ ફળ છે. તે પાચનશક્તિ સુધારે છે અને શરીરને શુદ્ધ રાખે છે. ઋતુ પરિવર્તનના સમયમાં હોળી આવે છે, તેથી હારડા આરોગ્ય માટે લાભદાયક માનવામાં આવે છે.

3. પ્રતીકાત્મક અર્થ

હારડાનો સ્વાદ થોડો કડવો હોય છે, પરંતુ તે આરોગ્ય માટે હિતકારક છે. તે આપણને સંદેશ આપે છે કે જીવનમાં થોડી કઠિનાઈઓ હોવા છતાં અંતે તે આપણા કલ્યાણ માટે જ હોય છે.

૪. ગ્રામ્ય પરંપરા

ઘણાં ગામડાંમાં હોળી પછી લોકો હારડા પ્રસાદ રૂપે લે છે. આ પરંપરા વર્ષોથી ચાલી આવી છે.

આ રીતે, હોળીમાં હારડાનું માહાત્મ્ય ધાર્મિક, ઔષધીય અને પ્રતીકાત્મક રીતે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. હોળી આપણને માત્ર રંગો નહીં, પરંતુ આરોગ્ય અને સકારાત્મકતાનો પણ સંદેશ આપે છે.

3 માર્ચથી સિંહ, ધન અને કુંભ રાશિવાળાંઓને

મંગળ રાહુના નક્ષત્રના પ્રવેશથી જીવનમાં સકારાત્મક બદલાવ આવશે

3 માર્ચથી ગ્રહોના સેનાપતિ દેવ રાહુના સ્વામિત્વવાળા શતભિષા નક્ષત્રમાં પ્રવેશ કરશે. તમોને જણાવી દઈએ કે શતભિષા નક્ષત્ર રહસ્ય, શોધ, ચિકિત્સા, ટેકનોલોજી અને અચાનક પરિવર્તનનું પ્રતીક માનવામાં આવે છે.

એ જ પ્રમાણે જ્યોતિષમાં મંગળ ગ્રહને ઊર્જા, સાહસ, ભૂમિ, કેરિયર અને પરાક્રમનો કારક માનવામાં આવે છે. આવામાં આ નક્ષત્ર પરિવર્તનની 12 રાશિઓ પર અસર જોવા મળશે.

જ્યોતિષ ગણતરી અનુસાર સિંહ, ધન અને કુંભ રાશિવાળાંઓને વિશેષ લાભ મળવાના સંકેત છે. સાથે જ તે લોકોનાં સાહસ અને પરાક્રમમાં વૃદ્ધિના યોગ બની રહ્યા છે.

કાળચક્ર
યજ્ઞાનંદ

વૈદિક જ્યોતિષ અનુસાર શતભિષા નક્ષત્રનો સ્વામી રાહુ ગ્રહ છે અને તેને 100 ચિકિત્સકોનું નક્ષત્ર પણ કહે છે. આ નક્ષત્ર રહસ્યમય વિષયો, શોધ, ચિકિત્સા, ટેકનોલોજી, ટેકનિક અને ગુપ્ત જ્ઞાન સાથે સંકળાયેલું છે. જ્યારે કોઇ પ્રભાવશાળી ગ્રહ તેમાં પ્રવેશ કરે છે ત્યારે અચાનક પરિવર્તન, નવી દિશા અને છુપાયેલા અવસર સામે આવે છે.

સિંહ રાશિ

તમારા લોકો માટે નક્ષત્ર પરિવર્તન કેરિયર અને સામાજિક પ્રતિષ્ઠા માટે અનુકૂળ સાબિત થશે. આ સમયમાં નોકરિયાત લોકોને નવી જવાબદારીઓ અથવા પ્રમોશન મળી શકે છે. સાથે જ લાંબા સમયથી અટકેલાં કાર્યોમાં ગતિ મળવાના સંકેત છે. અધિકારીઓનો પણ સહયોગ મળશે. વેપારીઓને નવી રણનીતિથી લાભ મળશે. આર્થિક સ્થિતિમાં પણ સુધારો થશે. આત્મવિશ્વાસ પહેલાં કરતાં વધારે મજબૂત જોવા મળશે.

ધન રાશિ

ધન રાશિવાળાં માટે મંગળ ગ્રહનું નક્ષત્ર પરિવર્તન સકારાત્મક સાબિત થઇ શકે છે. આ દરમિયાન વિદેશ યાત્રા કે લાંબી દૂરની યાત્રાના પણ યોગ બની શકે છે. જ્યારે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહેલાં વિદ્યાર્થીઓને પણ સફળતા મળશે. સાથે જ આ દરમિયાન તમારાં જૂનાં રોકાણોમાં લાભ થશે. આવકનાં નવા સ્રોત બની શકે છે. આ સમયમાં ધાર્મિક કે આધ્યાત્મિક ગતિવિધિઓમાં રુચિ વધશે, જેનાથી માનસિક સંતુલન સારું રહેશે. તમારી ઇચ્છાઓ પૂરી થશે.

કુંભ રાશિ

તમારા લોકો માટે મંગળ ગ્રહનું નક્ષત્ર પરિવર્તન અનુકૂળ સાબિત થશે કારણ કે શતભિષા નક્ષત્રનો સ્વામી શનિદેવ છે અને કુંભ પર શનિ દેવનું આધિપત્ય છે. એટલા માટે ટેકનોલોજી, રિસર્ચ, મેનેજમેન્ટ અને મેડિકલ ક્ષેત્ર સાથે સંકળાયેલાં લોકોને વિશેષ લાભ મળશે. બીજી તરફ અટકેલાં નાણાંની પ્રાપ્તિ સંભવ છે. પારિવારિક વિવાદ ઊકલી શકે છે. આરોગ્યમાં પણ સુધારાના સંકેત મળે છે. આ સમયમાં તમારી વિચારેલી યોજનાઓ સફળ થઇ શકે છે.